**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.**

**પ્રવેશ પરિપત્રઃ-**

**વિષયઃ-** **શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧ માટે ચાલું વર્ષમાં ધોરણ-૧૨(H.S.C.) ગુજરાત રાજ્ય બોર્ડ સિવાયનાં અન્ય માન્ય બોર્ડનાં વિદ્યાર્થીઓ માટે 10% બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા બાબત.**

**સંદર્ભઃ-** (૧) અત્રેના પરિપત્ર પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૭૫૪/૨૦૨૦, તા.૦૪/૦૬/૨૦૨૦
(૨) અત્રેના પરિપત્ર પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૧૬/૨૦૨૦, તા.૧૫/૦૬/૨૦૨૦
(૩) અત્રેના પરિપત્ર પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૨૩/૨૦૨૦-૨૧, તા.૧૯/૦૬/૨૦૨૦

**(A) B.Sc. પ્રવેશ પ્રક્રિયા (અન્ય બોર્ડની 10% બેઠકો માટે).**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ GSHSEBનું પરિણામ જાહેર થઇ જતા B.Sc.અભ્યાસક્રમમાં ૯૦% બેઠકો ઉપર તા.૦૫/૦૬/૨૦૨૦થી વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવા માટે ઉપરોક્ત સંદર્ભ પત્ર-૧ તથા ૨ના પરિપત્રથી ગુજરાત રાજ્ય બોર્ડનાં તમામ વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી મેરીટના આધારે ૯૦% બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી.

ગુજરાત રાજ્ય બોર્ડ સિવાયનાં અન્ય માન્ય બોર્ડમાંથી શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧માં ધોરણ-૧૨ (H.S.C.)વિજ્ઞાન પ્રવાહની પાસ કરેલ પરીક્ષાના પરીણામો જાહેર થઇ જતા અન્ય બોર્ડની બાકી રહેતી ૧૦% બેઠકો ઉપર મેરીટના આધારે પ્રવેશ પ્રક્રિયા તા.૨૧/૦૭/૨૦૨૦ થી શરૂ કરવાની રહેશે. તેમજ યુનિવર્સિટી પ્રવેશ પ્રક્રિયાનાં નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

| શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧ વિજ્ઞાન પ્રવાહ પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમયપત્રક. | | |
|---|---|---|
| ક્રમ | કાર્યવાહી | તારીખ |
| (૧) | વિદ્યાર્થીએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૦ થી ૩૧/૦૭/૨૦૨૦ |
| (૨) | કોલેજ વાઇઝ મેરીટ યાદી જાહેર કરવાની તારીખ | ૦૫/૦૮/૨૦૨૦ |
| (૩) | મેરીટ યાદીમાં કોલેજ વાઇઝ વિદ્યાર્થીઓની ફી સ્વીકારવાનો સમય | ૦૮/૦૮/૨૦૨૦ |

**(B) વાણિજ્ય, વિનયન તથા અન્ય અભ્યાસક્રમ પ્રવેશ પ્રક્રિયા (અન્ય બોર્ડની 10% બેઠકો માટે).**

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ GSHSEBનું પરિણામ જાહેર થઇ જતા, B.Sc. અભ્યાસક્રમ સિવાયના વાણિજ્ય, વિનયન તથા અન્ય સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧ માટે તા.૨૦/૦૬/૨૦૨૦થી કોલેજ કક્ષાએ ઓનલાઇન વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવા ઉપરોક્ત સંદર્ભ પત્ર-૨ ના પરિપત્રથી ફક્ત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ GSHSEB બોર્ડમાંથી પરીક્ષા પાસ કરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી મેરીટના આધારે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી.

ગુજરાત રાજ્ય બોર્ડ સિવાયનાં અન્ય માન્ય બોર્ડમાંથી શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧માં ધોરણ-૧૨(H.S.C.) સામાન્ય પ્રવાહની પાસ કરેલ પરીક્ષાના પરીણામો જાહેર થઇ જતા અન્ય બોર્ડની બાકી રહેતી ૧૦% બેઠકો ઉપર તા.૨૧/૦૭/૨૦૨૦થી કોલેજ કક્ષાએ ઓનલાઇન પ્રવેશ અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તથા તા.૦૮/૦૮/૨૦૨૦ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. તેમજ યુનિવર્સિટી પ્રવેશ પ્રક્રિયાનાં નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**<u>શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧ માટે અન્ય બોર્ડમાંથી પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓના પ્રવેશ માટેના નિયમો</u>**

1) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઇટ(http://www.bknmu.edu.in) ઉપર એડમિશન પોર્ટલમાં દર્શાવેલ લિંક(http://bknmuadm.icrp.in) ઉપરથી ઓનલાઇન એક જ પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.
2) જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨(H.S.C.) વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહની પરીક્ષા કેન્દ્ર સરકારકે તે સિવાયના અન્ય માન્ય બોર્ડમાંથી પાસ કરેલ રહે તેવા તમામ વિદ્યાર્થીઓ જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લાયક ગણાશે.
3) પ્રવેશ ફોર્મમાં વિદ્યાર્થી જે કોલેજમાં પ્રવેશ મેળવવા ઇચ્છતો હોય તેવી પોતાની પસંદગીની કોલેજો ઉપર ટીક (√) કરવાની રહેશે. વિદ્યાર્થી એક કરતાં વધુ કોલેજની પસંદગી કરી શકે છે.
4) વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રવેશ ફોર્મમાં પસંદ કરેલ તમામ કોલેજોમાં (કોલેજ વાઇઝ) તેમનું મેરીટ જાહેર થશે.
5) વિદ્યાર્થીને તેમના મેરીટ આધારે એક કરતાં વધુ કોલેજમાં પ્રવેશપાત્ર થયેલ હોય ત્યારે વિદ્યાર્થીએ પોતાની પસંદગીની કોઇ એક કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરી નિયત સમય મર્યાદામાં પ્રવેશ ફી ભરવાની રહેશે.
6) કોલેજોમાં ચાલતા વિષયો તથા ઉપલબ્ધ સુવિધાઓ અંગેની માહિતી વિદ્યાર્થીઓને પસંદગીની જે તે કોલેજની વેબસાઇટ ઉપરથી મેળવી લેવાની રહેશે.
7) વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ મેળવેલ કોલેજમાં પ્રવેશ મેળવતી વખતે પોતાની અસલ માર્કશીટ અને અન્ય અસલ દસ્તાવેજો ખરાઇ માટે સાથે રાખવાના રહેશે.
8) GSHSEB બોર્ડ સિવાયના અન્ય બોર્ડમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરતા પૂર્વે યુનિવર્સિટીમાંથી પ્રોવીઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ(PEC) કઢાવી પ્રવેશ મેળવેલ કોલેજમાં રજુ કરવાનું રહેશે.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૨૦૨૪/૨૦૨૦-૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ.
તા.૨૦/૦૭/૨૦૨૦

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

<u>નકલ સાદર રવાનાઃ-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>
(૧) પરીક્ષા વિભાગ.
(૨) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.